ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ. ૩૭૦ ००१.
E-mail : info@kskvkachchhuniversity.org

ફોન નં.(૦૨૮૩૨) ૨૩૫૦૦૨ ફેક્સ: ૨૩૫૦૧૨
Web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ E.C.-Minuits-13th May'/૨૦૧૧/ ૫૬૯ થી ૫૮૧

તા. ૨૯/૦૫/'૧૧

પ્રતિ,
એક્ઝિક્યુટીવ કાઉન્સિલના તમામ સભ્યશ્રીઓ તરફ...

**વિષય :** તારીખ ૧૩મી મે '૨૦૧૧નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ મોકલવા બાબત...

શ્રીમાન,

જય ભારત સાથ ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તારીખ ૧૩મી મે '૨૦૧૧ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મિટિંગની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**કુલસચિવ**
ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી,ભુજ-કચ્છ.

બિડાણ : ઉપર મુજબ.
નકલ સવિનય રવાના : માનનીય કુલપતિશ્રીનાં કાર્યાલય તરફ.



Daxa - D:\Registrar Office\Meeting\Executive Council\2010-11\List of E.C.Members\Letter'10-11.doc

# તારીખ ૧૩મી મે ૨૦૧૧નાં રોજ સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની પ્રથમ સભાની મિનિટ્સ નોંધ :

આજ રોજ તારીખ ૧૩મી મે ૨૦૧૧નાં સવારે ૧૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે દ્વિતિય એક્ઝિક્યુટીવ કાઉન્સિલની પ્રથમ બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. માનનીય કુલપતિશ્રીએ પ્રથમ સમિતિના તમામ સભ્યશ્રીઓએ બજાવેલ ફરજો દ્વારા એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સફળ કામગીરીની સરહાના કરી તેઓના સહયોગની નોંધ લઈ આભાર વ્યક્ત કરતા, સૌ નવ નિયુક્ત સભ્યશ્રીઓને આવકાર્યા હતા. પરિચયની ઔપચારીકતા બાદ સૌને શુભેચ્છા પાઠવી હતી અને એકજુટ થઈ યુનિવર્સિટીને પ્રગતિના સોપાનો પર આગળ વધારવા માટે રચનાત્મક કામગીરી અને સહયોગની અપેક્ષા વ્યક્ત કરતાં આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ. | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ.શ્રી એસ.જી. યાદવ. **–અધ્યક્ષશ્રી**<br>માનનીય કુલપતિશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. **–સભ્યશ્રી** | ગેર હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી પી. એન.દવે. **–સભ્યશ્રી**<br>ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| શ્રી મુકેશભાઈ બી. ઝવેરી. **–સભ્યશ્રી**<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભુજ. | હાજર |
| શ્રી જયંતભાઈ કે. માધાપરિયા. **–સભ્યશ્રી**<br>સભ્યશ્રી, કચ્છ જિલ્લા પંચાયત,માધાપર, તા. ભુજ. | હાજર |
| ડૉ. ડી.સી.ધોળકિયા. **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, ગુજરાતી ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી કે.એમ.ત્રિવેદી. **–સભ્યશ્રી**<br>પ્રોફેસર, સંસ્કૃત ભાષા ભવન, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ. | હાજર |
| ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ. **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ગાંધીધામ–કચ્છ. | હાજર |
| શ્રી નવલસિંહ એમ. જાડેજા. **–સભ્યશ્રી**<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ, ભુજ –કચ્છ. | હાજર |
| ડૉ.શ્રી બી.એસ.પટેલ. **–મેમ્બર સેક્રેટરી**<br>( આઈ.સી. કુલસચિવશ્રી, કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,ભુજ.) | હાજર |

પના નંબર : ૨ : પર ચાલુ..

૧. **ગત સભાની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી :**

તારીખ ૧૮મી માર્ચ ૨૦૧૧ના રોજ મળેલ સભાની મિનિટ્સ નોંધના વાંચનની વિગતે નીચે મુજબ ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧ :** ગત તારીખ ૧૮મી માર્ચ ૨૦૧૧ના રોજની સભાની મિનિટ્સ નોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

૨. **શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી નવા અભ્યાસક્રમો શરૂ કરવા તથા શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માટે ચાલુ જોડાણ સંબંધે હાથ ધરાયેલ કાર્યવાહી અહેવાલ બાબત :**

આગામી શૈક્ષણિક વર્ષથી નવા અભ્યાસક્રમો શરૂ કરવા સંબંધે હાથ ધરવામા આવેલ કાર્યવાહીના અહેવાલની ચર્ચા દરમ્યાન, જે તે શૈક્ષણિક વર્ષથી નવું જોડાણ મેળવવા રજૂ કરાયેલ અરજી, જયારે અત્રેથી કાર્યવાહી હાથ ધરી તેની જાણ સંબંધિતોને કરવામા આવે છે તે સમયે તેઓ દ્વારા સદર અરજી, ત્યાર પછીના શૈક્ષણિક વર્ષ સંદર્ભે વિચારણામા લેવા વિનંતી કરવામા આવતી હોય છે, આવી અરજીઓ કેટલા વર્ષો સુધી વિચારણામા લેવી વહીવટી રીતે વ્યાજબી ગણી શકાય? તેવી રજૂઆત થયેલ. જયારે શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૧૧ માટેની ચાલુ, ચાલુ/વધારાના જોડાણ અંગેની હાલે ચાલી રહેલ કાર્યવાહી અંર્તગત અમુક કોલેજો ખાતે જોવા મળતી કેટલીક અસામાન્ય તૃટિઓની સમીક્ષા, ઉપસ્થિત સભ્યશ્રીઓ પૈકીના સ્થાનિક સમિતિઓના ચેરમેનશ્રીઓએ કરેલ હતી જે અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨ : (૧)** **શ્રી ગુજરાત એજ્યુકેશન સોસાયટી ગાંધીધામ કચ્છને બી.કોમ.ગુજરાતી માધ્યમ, શ્યામજી કૃષ્ણ વર્મા ટ્રસ્ટ સંચાલિત શ્રી અનિરૂધ્ધ જંતિલાલ ભાનુશાળી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,અબડાસાને ગુજરાતી માધ્યમ બી.એ.,બી.કોમ.,અને કર્મનિકેતન ટ્રસ્ટ,ઝંડાચોક, ગાંધીધામને M.Sc. (IT) ની મંજૂરીની બહાલી આપવામા આવે છે.**

**(૨) તા. ૧૮/૩/૧૧ની એક્ઝિક્યુટીવ કાઉન્સિલના ઠરાવ : ૬ : અનુસારની નિમણૂંક થયેલ નીડ કમિટિની ભલામણ અનુસાર ભુજ શહેરમાં યુનિવર્સિટી દ્વારા સંચાલિત P.G.D.C.A. અભ્યાસક્રમ ચાલતો હોવાથી ભુજ શહેરના ક્ષેત્રમાં અન્ય સંસ્થા દ્વારા શરૂ ન કરી શકાય તેની નીડ કમિટીની ભલામણને બહાલી આપવામા આવે છે.**

**(૩) શ્રી હરિકૃષ્ણ વેલ્ફેર ટ્રસ્ટ ભચાઉ દ્વારા M.L.W. M.S.W. અને B.Com. English Medium ની કોલેજ માટે ગયેલ L.I.C. દ્વારા મંજૂરી ન આપી શકાય તેવી ભલામણને બહાલ રાખવામા આવી.**

નંબર : ૩ : પર ચાલુ..

(૪) તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ દ્વારા બી.એ. હોમ સાયન્સ કોર્સ ચાલે છે. બી.એસસી. હોમ સાયન્સમા રૂપાંતર કરવા સંબંધિત સંસ્થાની અરજીને ધ્યાને લઈ એકિઝક્યુટીવ કાઉન્સિલે એકેડેમિક કાઉન્સિલનો અભિપ્રાય જાણવા માટે મોકલ્યો હતો. તે એકેડેમિક કોઉન્સિલ તા. ૧૨/૫/૨૦૧૧ની સભાએ માન્ય રાખતા એકિઝક્યુટીવ કાઉન્સિલ પણ તેને માન્ય રાખે છે. તેની આગળની કાર્યવાહી માટે માનનીય કુલધિપતિશ્રીને મોકલવા ભલામણ કરે છે.

(૫) આથી ઠરાવવામા આવે છે કે, જે તે શૈક્ષણિક વર્ષથી નવુ જોડાણ મેળવવા અરજી રજૂ થાય તે વર્ષ સિવાય અન્ય એક વધારાના વર્ષ (ટ્રાય માટેનું વર્ષ ગણી) માટે તે અરજી જોડાણ કાર્યવહી અન્વયે વિચારણામા લેવી.સંલગ્ન કોલેજો ખાતે જયારે કોઈ અસંગત બાબત જણાય ત્યારે તે અંગે નોટીસ આપવી અને ત્યાર બાદ આગળ યોગ્ય કાર્યવાહી હાથ ધરવા રજૂઆત કરવી.

**૩. યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા શૈક્ષણિક સ્ટાફની નિમણૂકને એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થતો હોય કાયમી નિમણૂક આપવા બાબત :**

યુનિવર્સિટીનાં જુદા જુદા ભવનો ખાતે કાર્યરત શૈક્ષણિક સ્ટાફ પોતાની ફરજનો એક વર્ષનો – પ્રોબેશનનો સમયગાળો પૂર્ણ કરેલ છે ત્યારે તેઓની નિમણૂકને કાયમી ગણવા માટે થયેલ ચર્ચા દરમ્યાન તેઓની કામગીરીનું અવલોકન કેવી રીતે કરી શકાય, તેઓ પોતની ફરજ કેવી રીતે વધુ સારી રીતે બજાવી શકે તે અંગે થયેલ વિગતવાર ચર્ચા સંબંધે અધ્યક્ષશ્રીએ આપેલી વિગતો મુજબ હાલે, Internal Quality Cell કાર્યરત કરવામા આવેલ છે તેના કાર્યક્ષેત્રમા શૈક્ષણિક સ્ટાફની કામગીરીનું અવલોકન પણ ઉમેરી શકાય તેવું સુચન કરેલ હતુ આમ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ : ૩ :** આથી ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટીના જુદા જુદા ભવનો ખાતે કાર્યરત શૈક્ષણિક સ્ટાફ પૈકી જેઓએ પોતાની ફરજ પરનો એક વર્ષનો પ્રોબેશનનો સમયગાળો પૂર્ણ કરેલ છે તે બધાનો તેમના હેડ દ્વારા તેમની પ્રોગ્રેસ રીપોર્ટ મોકલાયેલ છે જે સંતોષકારક જણાતા તે બધાની નિમણૂંકને કાયમી ગણવી. હવે પછીથી શૈક્ષણિક સ્ટાફની નિમણૂકનો એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થયે તેઓની નિમણૂંકને કાયમી–લાબાગાળાની ગણવાની થાય ત્યારે તેઓની કામગીરીનાં અવલોકન અંગેનો અહેવાલ Internal Quality Cell દ્વારા મેળવવાનો રહેશે તેવું ઠરાવવામા આવ્યું.

| ક્રમ | શૈક્ષણિક સ્ટાફનું નામ અને હોદ્દો |
|---|---|
| ૧. | ડૉ.પ્રો. શ્રી પી.એન. દવે.<br>અધ્યક્ષશ્રી તથા પ્રોફેસર, રસાયણશાસ્ત્ર ભવન,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ. |
| ૨. | ડૉ.શ્રી વી.આર.રામ.<br>વ્યાખ્યાતા, રસાયણશાસ્ત્ર ભવન,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ. |
| ૩. | ડૉ.શ્રી એસ.જે. વ્યાસ.<br>વ્યાખ્યાતા, અર્થ એન્ડ એન્વાયરમેન્ટ વિભાગ<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ. |

નંબર : ૪ : પર ચાલુ..



Shyamji Krishna Verma Kachchh University, Bhuj (stamp)

૪. ડૉ.શ્રી સી.એન.ત્રિવેદી.
વ્યાખ્યાતા, અંગ્રેજી વિભાગ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

૫. શ્રી શિતલ બાટી – શ્રોફ.
વ્યાખ્યાતા, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

૬. શ્રી કનિષ્ક ડી. શાહ.
વ્યાખ્યાતા, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગ,
કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,ભુજ–કચ્છ.

**૪. યુનિવર્સિટી દ્વારા ચલાવવામા આવતા સ્વનિર્ભર અભ્યાસક્રમોમા અધ્યાપન કરાવતા અધ્યાપકોના વેતન વધારા તેમજ તેઓની સેવા–નોકરીની શરતો નકકી કરવા બાબત :**

**તથા**

**૫. યુનિવર્સિટી ખાતે ફિકસ વેતન પર ફરજ બજાવતા અધિકારીશ્રીઓ / કર્મચારીઓના વેતન વધારા બાબત :**

કાર્યસૂચિ ક્રમાંક : ૪ : અને : ૫ : સંદર્ભે થયેલ સંયુકત ચર્ચા મુજબ અનુક્રમે, યુનિવર્સિટી ખાતે ચાલતા સ્વર્નિભર અભ્યાસક્રમોમા કરાર આધારિત નિમણૂંક મેળવી અધ્યાપન કરાવતા અધ્યાપકોના વેતન વધારા તથા તેઓની સેવા–નોકરીની શરતો નકકી કરવા અને યુનિવર્સિટીની વહીવટી કામગીરી સંબંધે ફિકસ વેતન પર ફરજ બજાવતા અધિકારીશ્રીઓ /કર્મચારીઓના વેતન વધારા માટે થયેલ રજૂઆત સંબંધે તેઓની કામગીરીનું અવલોકન અને વેતન વધારા સંબધે નાણાકીય સાધનોની સમીક્ષા કરવા એક સમિતિનું ગઠન કરવા સર્વાનુમત મળતા નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૪ :</u> આથી ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોમા કરાર આધારિત નિમણૂંક મેળવી ફરજ બજાવતા અધ્યાપકો તથા યુનિવર્સિટીની વહીવટી કામગીરી સંબંધે ફિકસ વેતન મેળવી ફરજ બજાવતા અધિકારીશ્રીઓ / કર્મચારીઓના વેતનમા સૂચિત વધારા સંદર્ભે નીચે મુજબની સમિતિની રચના કરવામા આવે છે સમિતીએ બે માસની સમય મર્યાદામા તેનો અહેવાલ રજૂ કરવાનો રહેશે અને ત્યાર બાદ આગળ કાર્યવાહી હાથ ધરવી.**

**<u>સમિતિ :</u>**

| <u>ક્રમ</u> | <u>નામ</u> | <u>હોદ્દો</u> |
|---|---|---|
| ૧. | શ્રી મુકેશભાઈ બી. ઝવેરી.<br>એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રી, | અધ્યક્ષશ્રી |
| ૨. | ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ.<br>એકિઝકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રી, | સભ્યશ્રી |
| ૩. | ડૉ. શ્રી ટી.આર.હાથી.<br>રીડર અને અધ્યક્ષ,અર્થશાસ્ત્ર ભવન તથા<br>કો–ઓર્ડિનેટરશ્રી, ઈન્ટરનલ કવોલીટી સેલ. | સભ્યશ્રી |

નંબર : ૫ : પર ચાલુ..



Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

| | | |
|---|---|---|
| ૪. | શ્રી કે.એમ.શાહ.<br>ઓ.એસ.ડી.(ફા.), | સભ્યશ્રી |
| ૫. | શ્રી હેતલ એસ.શાહ.<br>વ્યાખ્યાતા,એમ.બી.એ.સ્વનિર્ભર વિભાગ. | સભ્યશ્રી |
| ૬. | શ્રી સી.પી.પટેલ.<br>વ્યાખ્યાતા,એમ.એસ.ડબલ્યુ.સ્વનિર્ભર વિભાગ. | સભ્યશ્રી |
| ૭. | શ્રી મનિષ પી.માંગલિયા.<br>સિનિયર ડેટા એન્ટ્રી ઓપરેટર. | સભ્યશ્રી |
| ૮. | શ્રી જીગ્નેશ એ.કચાવા.<br>પટ્ટાવાળા. | સભ્યશ્રી |

**૬. યુનિવર્સિટી દ્વારા ચલાવવામા આવતા અભ્યાસક્રમો અંગેની ફીની રકમમા વધારો કરવા બાબત :**

હાલે યુનિવર્સિટી કેમ્પસ પર ચલી રહેલા અનુસ્નાતક અભ્યાસક્રમો પૈકી એમ.એસસી.–કેમેસ્ટ્રી, એમ.એસ.ડબલ્યુ. અભ્યાસક્રમના રેગ્યુલર તેમજ સ્વનિર્ભરતાના ધોરણે પ્રવેશ અંગેની ફીની રકમમા વધારો કરવા માટે થયેલ રજૂઆતની સમીક્ષા ડૉ. શ્રી પી. એન.દવે –ડીનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખાએ કરતા જણાવેલ હતું કે,જો ફીની રકમ વધારવામા આવે તો ખૂટતી સુવિધાઓ ઉભી કરી શકાય આ ચર્ચા દરમ્યાન, હાલે ચાલતા દરેક અભ્યાસક્રમ માટે ફીની રકમમા વધારો કરવા રીવ્યુ સંદર્ભે તુલનાત્મક અભ્યાસ હાથ ધરવો જેમા સૂચિત ફી વધારો તે સંદર્ભે નવી સગવડતાઓની જરૂરિયાત તથા અન્ય યુનિવર્સિટીઓના ફીના દરો વગેરે જેવી બાબતો આવરી લઈ તેનો અહેવાલ તૈયાર કરવા અંગે થયેલ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૫ :</u> આથી ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી ખાતે ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોની ફીના દરોમા વધારો કરવા માટે ફેર અવલોકન કરવા સંદર્ભે સંબંધિત તમામ વિદ્યાશાખાઓના ડીનશ્રીઓ દ્વારા તુલનાત્મક અહેવાલ રજૂ કરવામા આવ્યે આગળ કાર્યવાહી અર્થે વિચારણા કરવી.**

**૭. યુનિવર્સિટી આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી શરૂ કરવામા આવનાર અભ્યાસક્રમો માટેની ફીની રકમમા નિયત કરવા બાબત :**

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી યુનિવર્સિટી કેમ્પસ પર સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવામા આવનાર અભ્યાસક્રમો જેવાકે, આર્કિયોલોજી, એમ.સી.એ., એમ.એસસી.–આઈટી અને પી.જી.ડી.સી.એ.

નંબર : ૬ : પર ચાલુ..

અભ્યાસક્રમો માટેની ફીની રકમ નિયત કરવા અંગેની ચર્ચા દરમ્યાન ફીનું માળખુ નિયત કરવા માટે સમિતિની રચના કરવી તે બાબતની વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

Shri Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**<u>ઠરાવ : ૬ :</u> આથી ઠરાવવામા આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવામા આવનાર નવા અભ્યાસક્રમોની ફીની રકમ નિયત કરવા માટે એક સમિતિની રચના કરવી જેમા સંબંધિત વિદ્યાશાખાના ડીનશ્રીઓ ઉપરાંત શ્રી એ.પી.મહેતા –સિસ્ટમ ઈજનેરશ્રી તથા શ્રી એકસ.યુ.શુકલા –વ્યાખ્યાતા, એમ.એસસી.(સી.એ.એન્ડ આઈ.ટી.) નો સમાવેશ કરવો. સદર સમિતિની ભલામણ બાદ આગળ કાર્યવાહી અર્થે વિચારણામા લેવું.**

**૮. યુનિવર્સિટી કેમ્પસ પર શરૂ કરવામા આવનાર નવા અભ્યાસક્રમો માટે અધ્યાપકોની નિમણૂંક કરવા બાબત :**

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી યુનિવર્સિટી કેમ્પસ પર આર્કિયોલોજી, એમ.સી.એ., એમ.એસસી.–આઈટી. પી.જી.ડી.સી.એ. વિગેરે જેવા નવા અભ્યાસક્રમો શરૂ કરવા માટે યોગ્ય અધ્યાપકોની ભરતી કરવા વિશ ચર્ચા વિચારણાનાં અંતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૭ :</u> આથી ઠરાવવામા આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી સ્વનિર્ભરતાના ધોરણે શરૂ કરવામા આવનાર નવા અભ્યાસક્રમો ચલાવવા માટે યોગ્ય લાયકાત ધરાવતા અધ્યાપકોની નિમણૂંક કરાર આધારિત પધ્ધતિથી કરવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**૯. યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રો ખાતે ચલાવવામા આવતા અનુસ્નાતક અભ્યાસક્રમોમા પ્રવેશની માર્ગદર્શિકા બાબત :**

યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રો ખાતે ચલાવવમા આવતા અભ્યાસક્રમોમા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સંબંધિત નિતી–નિયમો નિયત કરવા બાબતની ચર્ચામાં ગુજરાત યુનિવર્સિટીએ નિયત કરેલ નિતી–નિયમોને અનુસરતા તૈયાર કરાયેલ માર્ગદર્શિકાને બહાલ રાખવા અંગે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**<u>ઠરાવ : ૮ :</u> અનુસ્નાતક કેન્દ્રોમા ચાલતા અનુસ્નાતક વર્ગોમાં પ્રવેશ સંખ્યા અનુદાન આધારિત વર્ગ દીઠ ૬૦ અને અન્ય ૧૫ સંખ્યા ઉચ્ચ ફી લેવાના ધોરણે ભરવાનું ઠરાવવામા આવે છે. આ પ્રવેશ આપતાં અનામત નીતિના રાજ્ય સરકારના નિયમોનુ બંને પ્રકારની જગ્યાઓમાં પાલન કરવાનું રહેશે. તથા ઉચ્ચ ફીનું ધોરણ ગુજરાત યુનિવર્સિટીમા હોય તે મુજબનું રાખવાનું ઠરાવવામાં આવ્યું.**

**૧૦. યુનિવર્સિટી એકટ મુજબ જુદી જુદી સમિતિઓની રચના કરવા બાબત :**

નંબર : ૭ : પર ચાલુ..

યુનિવર્સિટી એકટ અન્વયે જુદી જુદી કાર્યવાહી હાથ ધરવા માટે રચાયેલ સમિતિઓ પૈકી ફાયનાન્સ સમિતિ, બિલ્ડીંગ સમિતિની તથા લાયબ્રેરી સમિતિની રચના કરવાની રહે છે જે અંગેની ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**ઠરાવ : ૯ :** આથી ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી એકટ મુજબ રચવાની થતી જુદી જુદી સમિતિઓ પૈકી નીચેની વિગતે સમિતિઓ માટે એકિઝકયૂટીવ કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે સભ્યશ્રીની નિયુકિત સર્વાનુમતે કરવામા આવે છે.

| ક્રમ | સમિતિનું નામ | નિયુકત કરવાના થતા સભ્યશ્રીઓની સંખ્યા. | નિયુકત કરાયેલ સભ્યશ્રીનું નામ |
|---|---|---|---|
| ૧. | ફાયનાન્સ સમિતિ. | ૦૧ | શ્રી નવલસિંહ એમ. જાડેજા. |
| ૨. | બાંધકામ સમિતિ. | ૦૩ | ૧. શ્રી જયંતભાઈ કે. માધાપરિયા.<br>૨. ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ.<br>૩. ડૉ. શ્રી પી.એન.દવે. |
| ૩. | ગ્રંથાલય સમિતિ. | ૦૩ | ૧. શ્રી મુકેશભાઈ બી.ઝવેરી.<br>૨. ડૉ.શ્રી રાજેન્દ્ર એમ. શાહ.<br>૩. શ્રી નવલસિંહ એમ. જાડેજા. |

**૧૧. ડિપાર્ટમેન્ટ ઓફ આર્કિયોલોજી શરૂ કરવા સંબંધે નાણાકીય જોગવાઈ કરવા બાબત :**

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી આર્કિયોલોજી અભ્યાસક્રમ શરૂ કરવા સંબંધે ડિપાર્ટમેન્ટ ઉભુ કરવા માટે નાણાકીય જોગવાઈ અન્વયે ફંડની રકમ નિયત કરવા માટે થયેલ ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૦ :** **(૧)** આર્કિયોલોજી કોર્સ એમ.એસ.યુનિવર્સિટી બરોડામા ચાલે છે પણ ત્યાં માત્ર૪ જ વિદ્યાર્થીઓ છે તો કચ્છ યુનિવર્સિટીએ આ કોર્સ ચાલુ કરશે કે કેમ તે બાબતે ચર્ચા હાથ ધરાતાં એવું ઠરાવવામા આવે છે કે કચ્છનો આર્કિયોલોજીકલ ખજાનો જોતા ભલે ઓછા વિદ્યાર્થીઓ મળે પણ કચ્છમા આ કોર્સ કરવો જ જોઈએ. તેથી એમ.એ.– આર્કિયોલોજી ચાલુ કરવા ઠરાવવામા આવે છે.

**(૨)** શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી આર્કિયોલોજી અભ્યાસક્રમ શરૂ કરવા માટે થનાર સંભવિત ખર્ચ પેટે રૂા. ૨૦,૦૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ લાખ પૂરા ફાળવવા.

**૧૨. યુનિવર્સિટી ખાતે સિવિલ ઈજનેરની 'કરાર આધારિત નિમણૂંક પધ્ધતિ' ના ધોરણે ભરતી કરવા બાબત :**

નંબર : ૮ : પર ચાલુ..

યુનિવર્સિટી કેમ્પસ પર બાંધકામ તેમજ નવનિર્માણ કરવા માટે સિવિલ ઈજનેરની જરૂરિયાત સંદર્ભે હાલે ખાલી રહેલ સિવિલ ઈજનેરની જગ્યા કરાર આધારિત નિમણૂંક પધ્ધતિથી ભરવા માટેની કાર્યવાહી હાથ ધરવા અંગે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૧ :</u> આથી ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર બાંધકામ તથા નવનિર્માણ માટે સિવિલ ઈજનેરની નિમણૂક 'કરાર આધારિત પધ્ધતિ' થી કરવા માટેની યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**૧૩. યુનિવર્સિટીના મળખાકીય વિકાસ માટે આર્કિટેકટની પેનલ તૈયાર કરવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પર જરૂરી વિવિધ સુવિધાઓ ઉભી કરવા અન્વયે બાંધકામ તેમજ નવનિર્માણ કરવાની તૈયારીઓ માટે આર્કિટેકસની પેનલ તૈયાર કરવા અંગે ચર્ચા વિચારણા દરમ્યાન જેઓને રૂપિયા દસ કરોડ કે તેથી વધુ બજેટ સંબંધિત કામગીરીનો અનુભવ હોય, વૈધાનિક સંસ્થાનું લાયસન્સ ધરાવતા હોય તેવા આર્કિટેકસની નિયુકત કરવા બાબતે નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૨ :</u> આથી ઠરાવવામા આવે છે કે, યુનિવર્સિટી કેમ્પસ પર બાંધકામ તથા નવનિર્માણ માટે આર્કિટેકટની પેનલ તૈયાર કરવી. આ કામ કુલ દસ કરોડનું હોતા જે આર્કિટેકટસનું વાર્ષિક ટર્ન ઓવર દસ કરોડનું હોય, વૈધાનિક સંસ્થાનું લાયસન્સ ધરાવતા હોય અને દસ કરોડની ઉપરના પ્રોજેકટસ કરેલા હોય તેવા આર્કિટેકટની પેનલ બનાવવી.**

**૧૪. વિકાસ યોજના અન્વયે ૧૮મીટર રસ્તો પહોળો કરવા યુનિવર્સિટી કેમ્પાઉન્ડ વોલ દૂર કરવા મળેલ નોટીશ બાબત :**

ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ દ્વારા, હરીપર ગામ તથા ભુજ મુન્દ્રા રોડને જોડતા માર્ગને વિકાસ યોજના હેઠળ ૧૮ મીટર તથા ૧૨ મીટર જેટલો રસ્તો ખુલ્લો કરવા હાથ ધરાવામાં આવનાર સૂચિત કાર્યવાહી અંતર્ગત સદર જગ્યાએ આવેલ યુનિવર્સિટીની કમ્પાઉન્ડ વોલ દૂર કરવા માટે પાઠવવામા આવેલ નોટીશ અંગે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૩ :</u> આથી ઠરાવવામા આવે છે કે, ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ દ્વારા પાઠવવામા આવેલ નોટીશ મુજબ યુનિવર્સિટીની માલિકીની જમીન પર ફેન્સીગ દ્વારા હદ નિયત કરી સૂચિત કમ્પાઉન્ડ વોલ દૂર કરવા ઠરાવવામા આવે છે. આગળની યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**૧૫. હોસ્ટેલ મેનેજમેન્ટ કમિટી દ્વારા મેસ સંદર્ભે કરાયેલ ભલામણ બાબત :**

શૈક્ષણિક વર્ષ ૨૦૦૯–૧૦થી યુનિવર્સિટી કેમ્પસ પર છોકરાઓ તેમજ છોકરીઓ માટે હોસ્ટેલસની સુવિધા ઉભી કરવામા આવેલ છે જે અન્વયે ભોજનની વ્યવસ્થા કરવા માટે કોન્ટ્રેકટ પધ્ધતિથી

નંબર : ૯ : પર ચાલુ..

મહારાજા કેટરર્સને વિદ્યાર્થી દીઠ માસિક રૂપિયા ૧૩૫૦/—ના દરે સદર કામગીરી ફાળવવામા આવેલ હતી. હોસ્ટેલ મેનેજમેન્ટ કમિટીની ભલામણ મુજબ સદર કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાથી અત્રેથી ફરીથી અન્ય પાર્ટીઓ પાસેથી ભાવો મંગવવામા આવેલ હતા.સદર બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવા અંગે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh 370001

**<u>ઠરાવ : ૧૪ :</u> આથી ઠરાવવામા આવે છે કે, છાત્રાલયોના વિદ્યાર્થીઓને ભોજનની વ્યવસ્થા પૂરી પાડવા માટે હાથ ધરાયેલ હોસ્ટેલ મેનેજમેન્ટ કમિટી દ્વારા કરેલ કાર્યવાહીને આથી સર્વાનુમતે બહાલ રાખવામા આવે છે. અને મેસ ચલાવવા માટે નરપતસિંહ રાવ,નવનિત ભોજનાલયને માસિક રૂા.૧૮૦૦/—(વિદ્યાર્થી દીઠ)ભાવે કામ સોંપવાનું ઠરાવવામા આવે છે.**

**૧૬.ચેરમેનશ્રી તરીકેની ફરજ બજાવવા યુનિવર્સિટી કાર્યાલય ખાતે આવ—જા કરતા અધ્યાપકોને મુસાફરી ભથ્થા અન્વયે ખાનગી વહાન—કારના ભાડાની રકમ બાબત :**

ગત તારીખ ૭મી મે—૨૦૧૦ના રોજની કોર્ટ સભાના પ્રસ્તાવ ક્રમાંક : ૯ : મુજબ, યુનિવર્સિટી ખાતે ચેરમેનશ્રી તરીકેની ફરજો બજાવવા આવતા અધ્યાપકોને ખાનગી વહાન —કારના ભાડાની રકમ ચૂકવવાપાત્ર થાય. જે અંગે થયેલ ચર્ચા મુજબ હાલે જો એકી સાથે ત્રણ વ્યકિતઓ મુસાફરી કરે તો ખાનગી વહાન —કારના ભાડાની રકમ ચૂકવવામા આવતું હોવાથી નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**<u>ઠરાવ : ૧૫ :</u> આથી ઠરાવવામા આવે છે કે, હાલે જો એકી સાથે ત્રણ વ્યકિતઓ મુસાફરી કરે તો ખાનગી વહાન —કારના ભાડાની રકમ ચૂકવવામા આવે છે જ અને હાલે તે જ વ્યવસ્થા ચાલુ રાખવી.**

**૧૭. અધ્યક્ષ સ્થાનેથી જે રજૂ થાય તે...**

**(૧) મહારાષ્ટ્ર નોલેજ કોર્પોરેશન લીમીટેડ(MKCL) સાથે ડિઝીટલ યુનિવર્સિટીના પ્રોજેકટ હેઠળ થયેલ એમ.ઓ.યુ.ની મુદ્દત પૂર્ણ થયેલ હોવાથી તે રીન્યુ કરાવવા સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

**<u>ઠરાવ : ૧૬ :</u> આથી ઠરાવવામાં આવે છે કે, મહારાષ્ટ્ર નોલેજ કોર્પોરેશન લીમીટેડ (MKCL) સાથે ડિઝીટલ યુનિવર્સિટીના પ્રોજેકટ હેઠળ થયેલ એમ.ઓ.યુ.ફરીથી ત્રણ વર્ષ માટે રીન્યુ કરાવા ઠરાવવામા આવે છે અને યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**(૨) યુનિવર્સિટીને ટેકનોલોજીથી સુસજ્જ કરવા માટેની કાર્યવાહી અંતર્ગત GNFC & nCode સાથે થયેલ કાર્યવાહીને બહાલ રાખવા સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

ડિઝીટલ યુનિવર્સિટી, વર્ચ્યૂઅલ કલાસીસ તથા બીસેસએનએલ દ્વારા ફાળવવામા આવેલ ૧ જીબીનું બ્રોડબેન્ડ કનેકશન જેવી ટેકનોલોજી સાથે યુનિવર્સિટી સુસજ્જ થઈ રહેલ છે ત્યારે GNFC &

નંબર : ૧૦ : પર ચાલુ..

nCode સાથે મળીને અન્ય વ્યવસ્થા ઉભી કરવા માટે હાથ ધરાયેલ કામગીરી અન્વયે તેઓની તારીખ ૯/૫/'૧૧ના રોજ મળેલ અંદાજીત બજેટની સમીક્ષા કરવામા આવી જેની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

૧. **1 GB Network Router with Fire wall**ની કિંમત રૂપિયા પાંચ લાખ પચાસ હજાર

૨. **Biometrics Attendance**ની કિંમત રૂપિયા એક લાખ વીસ હજાર

૩. **C C TV Camera- Phase – 1** (વહીવટી ભવન ખાતે ઉપયોગ અર્થે)
૧૭ થી ૧૮ કેમેર સાથે બે પેનલની કિંમત પાંચ લાખ ચુમોતેર હજાર.

આ બજેટ મંજૂર રાખવામા આવે છે અને તે મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવા સંબંધે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૭ :** **આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીને ટેક્નોલોજીથી સુસજ્જ કરવા માટેની કાર્યવાહી અંતર્ગત GNFC & nCode દ્વારા આપવામા આવેલ અંદાજીત ખર્ચ મંજૂર કરવામા આવે છે તેમજ તે સંદર્ભે આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**(૩) યુનિવર્સિટી કેમ્પસ પરના છાત્રાલયોમા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સંબંધે તૈયાર કરાયેલ પ્રવેશ યાદી બહાલ રાખવા સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ અન્વયે યુનિવર્સિટી કેમ્પસ પરના છાત્રાલયોમા ખાલી પડનાર સીટો પર વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા હાથ ધરવા સંબંધે હોસ્ટેલ સમિતિ દ્વારા વર્ગવાર તથા કેટેગરી વાર તૈયાર કરાયેલ વર્ગીકરણને બહાલ રાખવા સંબંધે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૮ :** **આથી ઠરાવવામાં આવે છે કે, આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨ અન્વયે યુનિવર્સિટી કેમ્પસ પરના છાત્રાલયોમા ખાલી પડનાર સીટો માટેની હોસ્ટેલ સમિતિની ભલામણોને સર્વાનુમતે બહાલ રાખવામા આવે છે તથા તે સંદર્ભે આગળની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**(૪) યુનિવર્સિટી કેમ્પસ પર પાણીની સુવિધા વધારવા સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પર પાણીની સુવિધા માટે હાલે ભુજ નગરપાલિકા દ્વારા પુરવઠો પુરો પાડવામા આવે છે જે દિન–બ–દિન વધતી જતી જરૂરિયાને ધ્યાને લેતા વધારવાની જરૂરિયાત

**નંબર : ૧૧ : પર ચાલુ..**

Krantiguru Shyamji Krishna Verma Kachchh University BHUJ-Kachchh Gujarat 370001

જણાતા મોટી લાઈનનું જોડાણ મેળવવા સંબંધે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૧૯ :** **આથી ઠરાવવામાં આવે છે કે, પાણીની સુવિધા વધારવા સંબંધે મોટી લાઈનનું જોડાણ મેળવવા સંબંધે કાર્યવાહી હાથ ધરવી.**

**(૫) શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી શરૂ કરવામા આવનાર નવા અભ્યાસક્રમો પૈકી એમ.સી.એ. અભ્યાસક્રમ માટે કલાસરૂમ તૈયાર કરવા સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

યુનિવર્સિટી કેમ્પસ પર આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામા આવનાર એમ.સી.એ. અભ્યાસક્રમ માટે કોમ્પ્યુટર સેન્ટરના ગ્રાઉન્ડ ફલોર પરના મોટા ઓરડા –હોલમાં પાર્ટીશનની મદદથી ચાર કલાસરૂમ તૈયાર કરવા માટેની કાર્યવાહીના ભાગ રૂપે ક્વોટેશન મંગાવવામા આવેલ હતા જેપૈકી શિવમ કન્સટ્રકશન કંપનીએ રૂા. ૨,૩૦,૯૬૧/– ના ભવો દર્શાવેલ છે જે સૌથી નીચા જણાયેલ હોતા તેઓને સદર કામગીરી ફાળવવા સંબંધે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨૦ :** **આથી ઠરાવવામાં આવે છે કે, આગામી શૈક્ષણિક વર્ષથી શરૂ કરવામા આવનાર એમ.સી.એ. અભ્યાસક્રમ માટે કલાસ રૂમ તૈયાર કરવા સંદર્ભે હાથ ધરાયેલ કાર્યવાહી અન્વયે સૌથી ઓછા ભાવ ભરનાર શિવમ કન્સટ્રકશન કંપનીને સદર કામગીરી ફાળવવા ઠરાવવામા આવે છે અને માટેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

**(૬) યુનિવર્સિટીના મકાનો તેમજ પ્રાંગણની સાફ સફાઈ માટે ફળવાયેલ કામગીરી બાબત :**

તારીખ ૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ મળેલ એકિઝકયૂટીવ કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૨ : મુજબ યુનિવર્સિટીના મકાનો તથા પ્રાંગણની સાફ સફાળ માટેની કામગીરી સાંઈ એજન્સી, અંકલેશ્વરને નિયત કરાયેલ શરતોએ ફાળવવામા આવેલ હતી. હાલે આ કામગીરી યોગ્ય રીતે થતી ન હોવાનું જણાયેલ છે સદર બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨૧ :** **આથી ઠરાવવામાં આવે છે કે, ગત સભાના ઠરાવ ક્રમાંક : ૨ : થી નિયત થયા મુજબ સફાઈ કામગીરી સંતોષકારક ન જણાય તો ટૂંક સમયની નોટીસ આપવી તે મુજબ હાલે એક માસની અંદર ત્રણ નોટીસ પાઠવવી તે સમય દરમ્યાન પણ જો કામગીરી યોગ્ય ન જણાયતો યોગ્ય કાર્યવાહી હાથ ધરવી.**

નંબર : ૧૨ : પર ચાલુ..

**(૭) તારીખ ૧૨મી મે ૨૦૧૧ના રોજ મળેલ ઍકડેમિક કાઉન્સિલની ભલામણો બહાલ રાખવા સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

તારીખ ૧૨મી મે ૨૦૧૧ના રોજ મળેલ ઍકડેમિક કાઉન્સિલની સભાના ઠરાવ ક્રમાંક : ૨ : મુજબ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૧૧–૧૨થી સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમા સેમેસ્ટર પધ્ધતિ તથા Choices Based Credit System (CBCS) ના અમલીકરણ અંગે તેમજ ઠરાવ ક્રમાંક : ૮ : મુજબ ટૂંકાગાળાના અભ્યાસક્રમો શરૂ કરવા સંદર્ભે થયેલ ભલામણને બહાલ રાખવા તથા ટૂંકાગાળાના અભ્યાસક્રમો સંબંધે અભ્યસક્રમ (Syllabus) તૈયાર કરાવવા માટે સંબંધિત નિષ્ણાંતોની સેવાઓ લેવા થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨૨ : આથી ઠરાવવામાં આવે છે કે, તારીખ ૧૨મી મે ૨૦૧૧ના રોજ મળેલ ઍકડેમિક કાઉન્સિલના ઠરાવ ક્રમાંક : ૨ : મુજબની ભલામણ બહાલ રાખવામા આવે છે જ્યારે ઠરાવ ક્રમાંક : ૮ : મુજબના અભ્યાસક્રમો શરૂ કરવા માટે અભ્યસક્રમ (Syllabus) તૈયાર કરાવવા માટે સંબંધિત નિષ્ણાંતોની સેવાઓ લેવા માટે અભ્યાસક્રમ દીઠ રૂા.૫,૦૦૦/– માનદ્વેતન તરીકે ચૂકવવાનુ રહેશે અન્ય વિગતો સર્વાનુમતે બહાલ રાખવામા આવે છે.**

**(૭) યુનિવર્સિટીના દ્વિતિય પદવીદાન સમારંભ યોજવા માટેની પૂર્વ તૈયારી રૂપે સ્વર્ણિમ ગુજરાત રંગમંચ સામેની જગ્યા સમથળ કરાવ સંબંધે વિચારણા કરીને નિર્ણય લેવા બાબત :**

યુનિવર્સિટીના દ્વિતિય પદવીદાન સમારંભ યોજવા માટેની પૂર્વ તૈયારી અન્વયે નવનિર્માણિત સ્વર્ણિમ ગુજરાત રંગમંચ સામેની ખુલ્લી જગ્યાને સમથળ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવા બાબતે થયેલ ચર્ચા વિચારણા બાદ નીચે મુજબનો ઠરાવ કરવામા આવ્યો.

**ઠરાવ : ૨૩ : આથી ઠરાવવામાં આવે છે કે, દ્વિતિય પદવીદાન સમારંભ યોજવા માટેની પૂર્વ તૈયારી રૂપે સ્વર્ણિમ ગુજરાત રંગમંચ સામેની ખુલ્લી જગ્યા સમથળ કરવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામા આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી...

Trivedi K.

ઇન્ચાર્જ-કુલસચિવ
ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા
કચ્છ યુનિવર્સિટી, ભુજ-કચ્છ.